ક્રમાંક:રાપબો/ખા.પ- વર્ગ-૩ /૨૦૨૬/૧૦૭૭૮-૧૦૮૬૨

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય,
સરકારી પુસ્તકાલયની સામે
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા:૧૧/૧૧/૨૦૨૬

પરિપત્ર

વિષય :- બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ જુનિયર કલાર્ક માટેની લોઅર લેવલ અને સિનિયર કલાર્ક માટેની હાયર લેવલની ખાતાકીય પરીક્ષાના આવેદનપત્રો બાબત તેમજ ખાતાકીય પરીક્ષા વર્ગ-૩ની તારીખમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ :(૧)જાહેરનામા ક્રમાંક: રાપબો/ખા.પ/૨૦૨૬/૮૭૮૭-૮૮૬૯,તા.૨૪/૯/૨૦૨૬

(૨)જાહેરનામા:ક્રમાંક:બિ.સ.અનુ.મા-ઉ.મા.શ.બિનશૈક્ષણિક કર્મચારી/હાયર-ખા.પ/૨૦૨૬/૮૮૭૦-૮૯૦૯,તા.૨૪/૦૯/૨૦૨૬

(૩)જાહેરનામા:ક્રમાંક:બિ.સ.અનુ.મા-ઉ.મા.શ.બિન શૈક્ષણિક કર્મચારી/ખા.પ/૨૦૨૬/૮૯૧૦-૮૯૪૭,તા.૨૪/૦૯/૨૦૨૬

(૪)શિક્ષણ વિભાગના Letter No: ED/1387/10/2026 Approved Date: 02-11-2026 .

ઉપરોકત વિષયમાં જણાવવામાં આવે છે કે, સંદર્ભ-૧ના જાહેરનામાથી શિક્ષણ વિભાગની વર્ગ-૩ની ગૌણ સેવાઓમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક અને પંચાયત સંવર્ગના જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષક વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષા તથા સંદર્ભ-૨ અને સંદર્ભ-૩ના જાહેરનામાથી અનુક્રમે બિન શૈક્ષણિક કર્મચારીઓની જુનિયર કલાર્ક માટેની લોઅર લેવલ અને સિનિયર કલાર્ક માટેની હાયર લેવલની ખાતાકીય પરીક્ષા લેવા અંગેના જાહેરનામા પ્રસિધ્ધ કરેલ હતા. આ ખાતાકીય પરીક્ષાઓના આવેદનપત્રો **www.sebexam.org** વેબસાઇટ પર તા.૨૪/૦૯/૨૦૨૬ થી તા.૮/૧૦/૨૦૨૬ દરમિયાન ઓનલાઇન ભરાયેલ હતા.

શિક્ષણ વિભાગ દ્વારા સંદર્ભ-૪ના પત્રથી સંદર્ભ-૨ અને સંદર્ભ-૩ના જાહેરનામા અન્વયેની પરીક્ષાઓમાં ઉમેદવારોની પાત્રતા માટે આપેલ સુધારા અન્વયે કલાર્ક સંવર્ગની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગતા હોય તેવા ઉમેદવારો **www.sebexam.org** વેબસાઇટ પર આવેદનપત્રો તા.૧૯/૧૧/૨૦૨૬ થી તા.૨૫/૧૧/૨૦૨૬ સુધી ઓનલાઇન ભરી શકશે. આ પરીક્ષાઓ અંગેની અન્ય વિગતોનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે. તમામ સંબંધિતોએ જેની નોંધ લેવી.

- બિન શૈક્ષણિક કર્મચારીઓ સિનિયર કલાર્કની હાયર લેવલ ખાતાકીય પરીક્ષાના અને જુનિયર કલાર્ક માટેની લોઅર લેવલની ખાતાકીય પરીક્ષાના આવેદનપત્રોની પ્રિન્ટ કાઢી તેની નકલ નીચે દર્શાવેલ સમય સારણીમાં દર્શાવેલ વિગતો મુજબ નક્કી થયેલ અધિકારીઓની કચેરી ખાતે જરૂરી આધારો સાથે જમા કરાવવાના રહેશે.

ક્રમ	આવેદન પત્રો મોકલનાર	કોને મોકલશે	અંતિમ તારીખ
૧	બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ફરજ બજાવતાજુનિયર કલાર્ક વર્ગ-૩ અને સિનિયર કલાર્ક વર્ગ-૩ લોઅર લેવલ કે હાયર લેવલનીખાતાકીય પરીક્ષા માટે પાત્ર ઉમેદવારો	સંબધિત શાળાના આચાર્યશ્રી	તા. ૨૬/૧૧/૨૦૨૬
૨	સંબધિત શાળાના આચાર્યશ્રી	સંબધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી	તા. ૨૭/૧૧/૨૦૨૬
૩	જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી	સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર	તા.૩૦/૧૧/૨૦૨૬

❖ **પરીક્ષાની તારીખ:-**

સંદર્ભ-૧ના જાહેરનામા અન્વયેની શિક્ષણ વિભાગની વર્ગ-૩ની ગૌણ સેવાઓમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક અને પંચાયત સંવર્ગના જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષક વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષા તથા સંદર્ભ-૨ અને સંદર્ભ-૩ના જાહેરનામા અન્વયેની બિન શૈક્ષણિક કર્મચારીઓની જુનિયર કલાર્ક માટેની લોઅર લેવલ અને સિનિયર કલાર્ક માટેની હાયર લેવલની ખાતાકીય પરીક્ષાઓ તારીખ-૧૨-૧૩,ડીસેમ્બર-૨૦૨૬ના બદલે હવે પછીની સંભવિત તારીખ-૧૯-૨૦,ડીસેમ્બર-૨૦૨૬ ના રોજ લેવામાં આવશે. આ પરીક્ષાની હૉલટિકિટ www.sebexam.org વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. પરીક્ષા સંબંધિત માહિતી માટે આ વેબસાઈટ સતત જોતા રહેવા વિનંતી.

સ્થળ :- ગાંધીનગર
તારીખ :- ૧૮/૧૧/૨૦૨૬

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

❖ **નકલ સવિનય રવાના જાણ સારૂ :**

(૧) માન.શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
(૨) માન.રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
(૩) માન.અગ્ર સચિવશ્રી,(પ્રા.મા.શિ) શિક્ષણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર.
(૪) નિયામકશ્રી,શાળાઓની કચેરી,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાંધીનગર.
(૫) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાંધીનગર.

❖ **નકલ જાણ તથા કાર્યવાહી સારૂ :**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ. (તમામ અનુદાનિત શાળાઓને જાણ કરવા સારૂ)
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.
(૩) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.
(૪) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી,ઉદ્યોગ ભવન,ગાંધીનગર.